શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૧૯ • તા.૨૦ જુલાઈથી ૨૬ જુલાઈ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# અચલગચ્છના વિવિધ સંઘોમાં મહારાજ સાહેબનો પાવનકારી ચાતુર્માસ પ્રવેશ થતાં ઉત્સાહ


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Happy
GURU
PURNIMA
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# જીવનના સુખ મળે એ પ્રભુની પ્રસાદી

જીવનમાં સાચું સુખ અને શાંતિ આપણા હૃદયમાંથી જન્મે છે. મનની શાંતિ વગર મળતા સુખચેન અંજપો પેદા કરે છે. સારી દ્રષ્ટિ સાથે સારા ભાવ, સારા વિચારો સાથે પરહિત કલ્યાણની કામના હોય તો દુનિયા બદલાઈ જાય છે. સારી દ્રષ્ટિ કેળવવા ગુણાનુ રાગી બનવું પડે છે. નકારાત્મક વલણ, શંકા, પૂર્વગ્રહ, ઈર્ષા અદેખાઈના ભાવ સાથો સાથ અવિશ્વાસ, જડ માન્યતા દૂર કરવી પડે છે. ભ્રાતૃભાવના કેળવવાથી અન્ય તથા અજાણી વ્યક્તિઓનો પ્રેમ પામી શકાય છે. પ્રેમએ જીવનનું મીઠું અને મોંઘુ અમૃત છે. તે પૈસાથી કદી મળતું નથી. પ્રેમ આપીને પ્રેમ લઈ શકાશે. જીવનમાંથી જેટલો પ્રેમ બીજા માટે ઢોળીશું, વહાવી શું તેટલો તે આપણને સામો પ્રાપ્ત થશે.

સુખ ત્રણ પ્રકારના છે. તન, મન અને ધનનું. માણસ માત્રની ઈચ્છા કે કામના આ ત્રણેય સુખ મળે એ હોય છે. પણ, હકીકતમાં આ ત્રણેય સુખ કોઈને મળતાં નથી. સૌ જણ ધનનું સુખ મળે એની કામના કરે છે. પણ મનમાં શાંતિ નહીં હોય કે તન નિરોગીમય નહીં હોય તો શું સુખ ભોગવવા મળશે? પહેલું સુખ જાતે નર્યા. શરીર સ્વસ્થ, તન તંદુરસ્ત હશે તો જે સુખની ઓછપ હશે તેને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી શકાશે માટે તનનું સુખ પ્રથમ પ્રાપ્ત થવું જરૂરી છે. શારીરિક શક્તિનો ઉપયોગ શ્રમ કરવા માટે તેમજ આનંદ પ્રમોદ માટે પણ થઈ શકશે.

એવુંજ મનનું છે. ડગુમગુ વિચલિત મન કોઈ સુખને સુખેથી ભોગવા ન દેશે. શરીર બીમાર હોય તો એકવાર ચાલી જાય. પણ જો મન કમજોર તાકતહીન અને અશાંત હશે તો જીવનમાં ઉત્પાત સર્જી દેશે. જીવનમાં ક્ષમતા અને સ્થિરતા મન દ્વારા મળે છે. મનમાં તૃપ્તિ ન હોય. સંતોષ રોટલાને મીઠો અને મોંઘેરો બનાવી દે છે. જે મળ્યું છે તેને સુખીથી માણવાના ભાવ મન જ પેદા કરે છે. ચંચળવૃતિ ધરાવતું મન પોતે પણ અશાંત રહે છે અને આપણા સમગ્ર જીવનને અશાંત અને ઉપદ્રવી કરે છે.

તન, મન અને ધનના સુખ સાથો સાથ મળે એ માનવી ખરેખર ભાગ્યશાળી ગણાય. ધનથી ભૌતિક વસ્તુઓ, બજારૂ જણસો તો આસાનીથી ખરીદી શકાય છે. પણ આનંદ અને ખુશી જરૂરી છે. તે વગર જીવન શુષ્ક અને રસવિહીન બની જાય છે. કોઈનો છળ, કપટ કરી પ્રાપ્ત કરેલું ધન કે સંપતિ આખરે અશાંતિ આપે છે અને વિનાશના કારણો સર્જે છે.

તનનું આરોગ્ય મનમાં શાંતિ અને પર્યાય પુરૂષાર્થથી પ્રાપ્ત થયેલું ધન એ પ્રભુ પરમાત્મા દ્વારા મળેલી પ્રસાદી છે. અનહદ કૃપા છે. પોતાને મળેલા સુખ અન્યો માટે વાપરવા એનો આનંદ અઢળક છે. પોતાને પ્રભુકૃપાએ મળેલ સુખ અન્ય માટે ખુશી સર્જે એનો આનંદ અનેરો હોય છે. જે હૃદયમાં સમાતો નથી. માટે તન, મન અને ધનનો ત્રિવિધ સુખની જાળવણી જતનપૂર્વક કરવી.

– જય જ્ઞાતિમૈયા

# વૃધ્ધાવસ્થાનો વલોપાત

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવન જીવવાના ત્રણ સોપાન છે, ત્રણ તબક્કા છે. બાળપણ, યુવાની અને વૃધ્ધાવસ્થા. બાળપણ નિર્દોષ, રમતિયાળ અને પોતાની મસ્તીમાં કલકલ વહેતા ઝરણાં જેવું હોય છે. તો યુવાની ઉત્સાહ, ઉમંગ, ખુમારી ભરી અને સાહસથી તરવરાટ કરનારી હોય છે. આ શક્તિ અને સ્ફૂર્તિનો મધ્ય સમય પૂરો થઈ ગયા પછી શરૂ થાય છે વૃધ્ધાવસ્થા. આ વયમાં રહેલ વ્યક્તિને ખૂબજ સહાનુભૂતિ અને ચાવત ભરી માવજતની જરૂર પડે છે. આ વય અવસ્થામાં જીવન ઓશિયાળું બની જાય છે. ઉંમર જેમ જેમ વધે તેમ તેમ વ્યક્તિ રંક-પાંગળો અને એકલવાયો બની જાય છે. તેને કોઈ ગણકારતો નથી. આ અવસ્થામાં વ્યક્તિ પ્રેમ, સ્નેહ અને હૂંફ ઝંખે છે. તેઓ માન, આદર અને સંવાદ ઝંખે છે. તેમની મનોકામના છે પરિવારના સુખ અને શાંતિ જળવાઈ રહે. બહાર જવાનું બંધ થઈ ગયું હોય છે કે ઓછું થઈ ગયું હોય છે. વિવિધ રોગોથી ગ્રસ્ત શરીર દિવસભર દવા-ગોળીના ઉપાય કરતા રહેવા પડે છે. મનોમન દુઃખી હોય છે જેના કારણમાં કાંડાની કમાણી બંધ, અશક્ત શરીર અને સામે આવનારા સમયમાં મોત આવી રહ્યાં હોવાનો અહેસાસ સતત ઝંબળતું હોય છે. આ બધા ભયો તેના મનને વધુ કમજોર કરે છે. આવી વિકટ પરિસ્થિતિમાં તેઓ કેવી રીતે સ્વસ્થતાથી સન્માનભેર જીવી શકે? આર્થિક સલામતી, સારું આરોગ્ય, સકારાત્મક વિચારો, પરિવર્તનનો સ્વીકાર તેમજ સ્વાર્થ, લોભ, ઈચ્છા-અપેક્ષાઓને છોડી દેવાય તો પરમ સુખ, શાંતિ અને આનંદનો અનુભવ થઈ શકે અને જીવન સરળ અને જીવવા જેવું લાગે.

ખરી ઉત્તરાવસ્થા ૬૦ વર્ષે શરૂ થાય છે. સરકારી કાયદાઓ મુજબ આ લિમીટથી સિનિયર સિટીઝન ગણવાનું શરૂ થાય છે. નોકરીમાંથી નિવૃત્તિ મળે છે. આ વય પછી જીવનને સારું બનાવવું કે દુષ્કર બધું આપણા હાથમાં છે. ઉંમર વધવાની સાથે પોતાનું અને પોતાના અભિપ્રાયનું મહત્વ ઓછું થયાનું સમજાતા દુઃખ અનુભવે છે. પણ જે જ્ઞાન અનુભવ મેળવી સમજથી તરબતર થયાં છીએ એવું સમજીએ તો દુઃખ થતું નથી. હવે વય થઈ ગઈ આપણાથી અમુક તમુક કામ ન થઈ શકે. એ માનસિક ભ્રમણા દૂર કરવી જોઈએ ઉંમર આપણા હાથની વાત નથી. ઉંમરની સાથે આડઅસર રૂપે થતી બીમારીઓ સહન કરે છૂટકો એવો બેફિકરાઈનો ભાવ રાખવો જોઈએ. પૌષ્ટિક સાદો ખોરાક, નોર્મલ કસરત અને આનંદી સ્વભાવ માનસિક તાકાત આપી શકે છે. સિનિયર સિટિઝન થયાનો બોજો મન પર લાવવો જોઈએ નહીં. સકારાત્મક વિચારો અને આશાવાદી વલણ કપરી પરિસ્થિતિમાંથી બહાર કાઢી શકે છે.

હેલ્થ ઈઝ વેલ્થ એ સોનેરી વાક્ય આ અવસ્થામાં મોઘેરું રત્ન બની શકે છે. મન સ્વસ્થ, શરીર તંદુરસ્ત ન હોય તો બધા સુખો નકામા છે. આરોગ્ય સારું હશે તો એ સંભાળેલી સંપત્તિ બનશે. રોગોનો ઘર થયેલ શરીર હશે તો અખૂટ સંપત્તિ પણ સુખ-સંતોષ નહીં આપી શકે. અપેક્ષા જેની જેટલી વધારે, એટલું વધારે તે દુઃખી અને જરૂર જેની જેટલી ઓછી એટલું જ વધારે તે સુખી, નળ બંધ કરવાથી પાણી બચાવી શકાય છે, પણ ઘડિયાળ બંધ કરવાથી સમય બચાવી શકાતો નથી. આ જીવનનું પરમ સત્ય છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st July - 31st December 2024**

STAMP FRANKING
Now Available

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

***8.49%**
(p.a.)

- TRADE LOAN
- MORTGAGE LOAN
- HOUSE REPAIR
- MACHINESE LOAN
- COMFORT (CONSUMER DURABLE)
- PRE OWNED CAR LOAN
- COMMERCIAL (CRE)LOAN
- LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank


KDO

# ખામગામ સંઘમાં સાધ્વી મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ ભવ્યતા સાથે થયો






તા.૧૪ જુલાઈ રવિવારના મહારાષ્ટ્ર પ્રદેશના ખમીરવંતા ગામ ખામગામ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રસુધાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ હર્ષોલ્લાસના માહોલમાં થયો. પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ના આગમન સ્વાગત માટે સંઘની શ્રાવિકાઓ તેમજ નાની બાલિકાઓ શિરે સુશોભિત કળશ ધરી અને અવનવી ગહુલી રચી જોડાઈ હતી તથા શ્રાવકજનો ઠાઠમાઠ સાથે ખભે જિન શાસનના ખેસ રાખી જોડાયા હતા. પૂજ્ય સાહેબના આગમનનો ઉત્સાહ સમગ્ર સંઘમાં ભવ્યતા સાથે વર્તાતો હતો.

મંગલમય પ્રવેશ યાત્રા સવારે ૧૦.૩૧ કલાકે નીકળી શ્રી કેડીઓ મંગલ કાર્યાલયમાં શુભ મુહૂર્તે પ્રવેશ કર્યો. પ્રવેશ પશ્ચાત સમૂહ ચૈત્ય વંદન પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.એ કહ્યું સૌએ ચાતુર્માસ કાળમાં યથાશક્તિ જપ, તપ, ધર્મ, ધ્યાન, વ્યાખ્યાન, શ્રવણ આદિ કાર્યોમાં મનને સંલગ્ન કરી પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ જેથી કંઈક પુણ્ય અર્જિત થાય. એવી જ રીતે આ ચાતુર્માસ જેમાં આપણે આપણા દુશ્મનોના નિર્જરા કરી સત્કર્મોના ખાતા ખોલી શકીએ છીએ.

આ પ્રસંગે બહુમુખી પ્રતિભાશાળી ખામગામ જૈન સંઘના અધ્યક્ષ સમાજસેવક હિરેનકુમાર લોડાયાને સ્મૃતિ ચિન્હ શાલ ઓઢાડી ગુરૂ ભક્ત પરિવાર તરફથી અભિનંદન સન્માન કરાયું. ચાતુર્માસ મંગલ પ્રવેશમાં ખામગામ જૈન સંઘના હિરેન લોડાયા, જતીન લોડાયા, મનોજ લોડાયા, અજિત શાહ, રાજુભાઈ શાહ, રાજેશ શાહ, ડૉ.સુરેન્દ્ર જૈન, પવન શાહ, સમીર સંચેતી, હૈદ્રાબાદ સંઘના કેશવજીભાઈ છેડા, વિજય જાગીરદાર, કાંતિલાલ મોતા, ગૌતમ લોડાયા, લલિત મોમાયા, રવિન્દ્ર લોડાયા, રિધ્ધિશ જાગીરદાર, મનોજ નાગડા સાથે નૂતન છેડા, જયા જાગીરદાર, મધુ વિજય લોડાયા, રશ્મિ લોડાયા, જ્યોતિ મોતા, પુષ્પા મોમાયા, લીલમ મોમાયા, તોરલ જાગીરદાર, લીના, મનિષા ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, ગુજરાત, હૈદ્રાબાદ, મુંબઈ, બેંગલોર, શિરપુર, ઈન્દૌર ઈત્યાદી શહેરોથી ગુરૂ મહારાજના બહોળી સંખ્યામાં ભક્તો સહભાગી થયા હતા. શ્રી સંઘ પ્રભાવના અંતર્ગત હૈદ્રાબાદ ગુરૂભક્તો તરફથી રૂ.૧૦૦ની પ્રભાવના કરાઈ હતી.




# નાસિક સંઘમાં પ.પૂ.સાધ્વીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ





મહારાષ્ટ્રના તીર્થ ક્ષેત્રની ઓળખ ધરાવતા નાસિક નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ ભવ્ય ઉત્સાહ, ઉલ્લાસ અને હર્ષાતુર માહોલમાં થયો. સંઘના સૌ ભાવિક ભાઈ બહેનો આગામી ચાર માસ તપ, ત્યાગ ભક્તિ અને આરાધના કરવા આતુર રહ્યાં છે અને ખુશી અનુભવે છે.



# શ્રી સુથરી તીર્થમાં મહારાજ સાહેબનો વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ થયો





કચ્છના અબડાસા પ્રાંતના સોનથરી ગામની ઓળખ ધરાવતા પંચતીર્થીના મહત્વના ઐતિહાસિક તીર્થ સુથરીમાં પ્રવર્તક મુનિરાજ પ.પૂ.શ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ.શ્રી રત્નાકરસાગરજી મ.સા. તથા સ્થવીર પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.નો વાજતે ગાજતે ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો.

સંઘના ઉત્સાહિત શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર સામેલ થયા હતા અને આ પ્રસંગેને હરખ સાથે વધાવ્યો હતો.





# સાંધવ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નંદીવંદનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ચાતુર્માસ પ્રવેશ અદ્‌ભૂત શાન સાથે થયો




તા.૧૪ જુલાઈ રવિવાર દિને અબડાસાના સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી નંદીવંદનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો અદ્‌ભૂત શાન શૌકત સાથે ચાતુર્માસ પ્રવેશ થયો.

સ્વાગત સામૈયામાં ઘોડા બગ્ગી, બેલગાડી, પખવાજ મંડળી, લાલ જરીકથી જામા પહેરલી બેન્ડ પાર્ટી, કચ્છી ઢોલ શરણાઈ વગાડતા સાંજીદાઓ, શિરે બેડા કળશ ધારી બહેનો, અવનવી ભાતની ગહુલી આલેખતી બહેનો, સાફા, દુપટા, પછેડીથી શોભતા શ્રાવકો, કચ્છી ભરતની સાડી, ખોંભા છાયલ ધારણ કરેલી બહેનો મળીને અંદાજે ૪૫૦ જેટલી સંખ્યામાં સર્વે પધારેલ હતા. સૌ સવારના નવકારશી, બપોરના સાધર્મિક ભક્તિનો લાભ આપેલ. કચ્છ પ્રાંતના અબડાસા, કંઠી ગામોથી મહાજન પધારેલ. માપર, બિદડા, તુંબડી, કોટડી મહાદેવપુરી, મેરાઉ, ગઢશીશા, કોડાય, કોઠારા, વરાડિયા, સાંયરા, વારાપધ્ધર, પરજાઉ, નલિયા, જસાપર, ભુજ, ગાંધીધામ, મુંદ્રા, મુંબઈના વિવિધ ઉપનગરો ઉપરાંત લોકાપુર, હુબલી, દાવણગેરે, લોનાવાલા, બડગરા, અલપઈ, કોચીન, ગુજરાતના વિવિધ શહેર વાપી, વડોદરા, અંકલેશ્વર, અમદાવાદ, જામનગર, રંગપુર, રાજકોટ ઈત્યાદિ શહેરોથી ભાવિકો પધારેલ.

સામૈયા પ્રસંગે આવેલ ચાતુર્માસ આરાધકો, આમંત્રિત મહેમાનો, ભાવિકો, નગરજનો જેઓ કચ્છ પ્રદેશ, અબડાસા, કંઠી, વાગડ વિગેરે તથા દેશ દેશાવરથી આવેલ સૌ મહેમાન ગણને પેંડાની પ્રભાવના અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા, ઘાટકોપર તરફથી અને રૂા.૧૫૦નું સંઘપૂજન સર્વે દાતા પરિવારો, શ્રી શાંતિનાથ જૈન જાગૃતિ ગ્રુપના મેમ્બરો, શ્રી સાંધવ સંઘ તરફથી થયેલ. સર્વે ભાવિક ભાઈ-બહેનોની સાંધવ તરફથી ખૂબ ખૂબ અનુમોદના કરાઈ હતી.



# કચ્છના માંડવી સંઘના આંગણે ઉમંગ અને ઉત્સાહ સાથે ચાતુર્માસ પ્રવેશ સંપન્ન થયો





કચ્છ વિભાગના બંદરીય શહેર રમણીય નગર માંડવી સંઘના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા. આદિ ઠાણાનું ઉમંગ અને ઉત્સાહ સાથે ચાતુર્માસ પ્રવેશ સંપન્ન થયું. સંઘના બહુસંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ હરખ સાથે પૂજ્ય સાહેબોનું ભવ્ય સ્વાગત કરી સામૈયું કર્યું હતું અને શોભાયાત્રામાં સામેલ થયા હતા.



# વડોદરા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ

વિદ્યા-શિક્ષણ સંસ્કાર નગરી કહેવાતા વડોદરા નગરના કેડીઓ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાનો ચાતુર્માસ પ્રવેશ ભવ્ય રીતે થયો. સંઘની શ્રાવિકા બહેનો સુશોભિત કળશ શિરે ધરી, અવનવી ગહુલીનું આલેખન કરી જિનશાસન ધ્વજા લહેરાવી, જયકારાના નારા ગજાવતા શ્રાવકો મોટી સંખ્યામાં જોડાયા હતા.







# આદિપુર સંઘમાં મહારાજ સાહેબનો પાવનકારી ચાતુર્માસ પ્રવેશ થતાં ઉત્સાહ વતાર્યો




અષાઢ સુદ ૧૧ બુધવાર તા.૧૭ જુલાઈના સવારે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો. ઢોલ નગારાના તાલે સંઘના શ્રાવક શ્રાવિકોએ હરખ ભેર સામૈયું કર્યું હતું. સંઘની બાલિકાઓ નૃત્યગાન કરી પૂજ્ય સાહેબનું સ્વાગત કર્યું હતું.




# ખાનદેશ પ્રદેશના ચાલીસગામ સંઘમાં અદ્‌ભૂત ભાવ સાથે ચાતુર્માસ પ્રવેશ




તા.૧૪ જુલાઈ રવિવાર કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજ દિને મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના ચાલીસગામ સંઘમાં ખાનદેશ રત્ના પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ નું અદ્‌ભૂત ભાવ સાથે ચાતુર્માસ પ્રવેશ થયો.

બહોળી સંખ્યામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ અતિ ઉત્સાહ ઉમંગ ભાવ સાથે સામેલ થયા હતા. પૂજ્ય સાહેબના આગમનને લીધે હવે આગામી ચાર માસ ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ અને આરાધનામય વીતશે એના હૈયે હરખ સમાતો ન હતો.



# મંજલ રેલડિયા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભવ્યતાભેર સામૈયું કરાયું





મંજલ રેલડીયા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે વાજતે ગાજતે ઢોલ શરણાઈના ગાન વાદન સાથે સંઘ દ્વારા હરખભેર સામૈયું કરાયું. સંઘની બાલિકો કચ્છી ભાતીગળ પહેરવેશ ધારણ કરી, સંઘની શ્રાવિકા બહેનો આકર્ષક કળશ શિરે ધારણ કરી, વિવિધ તરેહની ગહુલી આલેખી રંગેબેરંગી ભારતીય સાડી પહેરી તથા સંઘ શ્રાવકો માથે ટોપી પહેરી, ખભે ખેસ પહેરી ઉત્સાહ ભાવ સાથે જોડાયા હતા.







દેવલાલી



સૌભાગ્ય નગર :
મહારેરા રજીસ્ટર પ્રોજેક્ટ,
ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર,
નાકા નંબર ૬ની ગલીમાં,
શ્રી પાર્શ્વધામ દેરાસરની સામેની ગલીમાં,
શ્રી વિમલનાથજી દેરાસર તથા
અનંત આરોગ્ય નિધિ સેનોટેરીયમથી
ફક્ત પાંચ મીનીટના અંતરે,
બે બેડરૂમના ફ્લેટો
બુકિંગ માટે-પરેશ રાયચંદ શામજી ધરમશી
99 30 80 39 59 / 99 30 10 60 54


## શ્રી ક.દ.ઓ.મહિલા મંચ અમદાવાદ દ્વારા ગહુલી શિબિર યોજાઈ



તા.૨૨ જૂન શનિવાર રોજે બપોરે ૨.૩૦ કલાકે શ્રી કચ્છી ભવન પાલડી મુકામે શ્રી કચ્છી દશા ઓસવાલ મહિલા મંચ અમદાવાદના ઉપક્રમે ગહુલી શિબિર યોજાઈ. જેમાં ૫૦થી અધિક બહેનો ઉત્સાહપૂર્વક સહભાગ લીધો હતો.

શિબિરમાં સાથીયાથી ગહુલી શીખવાડવામાં આવી હતી. ગહુલી થીમ પર હાઉઝીની ગેમ રમાડવામાં આવી હતી. શિબિરમાં નાસ્તાના લાભાર્થી હંસાબેન નલિનભાઈ મોમાયા પરિવાર હતા. મહિલા મંચ દ્વારા મોમાયા પરિવારનું બહુમાન કરવામાં આવેલ. આગામી સમય દરમ્યાન ગહુલી હરિફાઈનું આયોજન નક્કી કરવામાં આવેલ છે.

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ

## Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

કોમેડી અને સામાજીક, પ્રેમ અને લાગણીનો એક સંદેશ પૂર્વક એક કચ્છી નાટક એટલે

# વા રે વા જિંદગી !

**POWERED BY**

**HD FIRE PROTECT PVT. LTD.®**

World Class Fire-Fighting Equipment & System

- 30+ Years of Experience
- Serving 75+ Countries
- Trusted by 6000+ Customers
- Products Installed in 20,000+ Sites

**Saturday, 3rd - Aug 2024**

**8:30 pm onwards**

**MAHAKAVI KALIDAS NATYAMANDIR**

Purushottam Kheraj Road, Mulund (West), Mumbai - 400 080

## PASS RATE

**MEMBER : ₹ 50/-   NON-MEMBERS : ₹ 100/-**

70 Years of Establishment

## GRAB YOUR PASSES

**FROM YOUR NEAREST CENTERS**

**Dombivli**
Shikha Dand +91 98207 27056
Sagar Shiyal +91 81081 23970

**Bhandup**
Pooja Lodaya +91 79778 84741
Jimit Momaya +91 97738 01208

**Ghatkopar**
Leenaben Lodaya +91 86521 55585
Riddhi Lodaya +9190829 82823

**Mulund - Thane**
Jiya Nagda +91 90044 57404
Dristi Maisheri +91 90820 27351

**Kanjurmarg**
Labdhi Lodaya +91 84220 37604
Keval Momaya +91 98191 59847


**Wadala - Masjid**
Ronil Meisheri +91 98691 84725
Chirag Lodaya +91 96198 76560

**Western**
Moksha Lodaya +91 90295 94474
Ronak Lapasiya +91 97021 58578

**Navi Mumbai**
Chandniben Lalka +91 98332 25053

Follow us on #SHREEKDOVS

# સંજીવની કેસ નં.૧૪૭ માટે જોઈતી રકમ જમા થઈ જતાં અરજી સમાધાન પૂર્વક પૂર્ણ થઈ




૩૬ વર્ષીય કોઠારા-ડોંબિવલીના શ્રીમતી હીરલ પરેશ લોડાયા કાનના ક્રોનિક ઈન્ફેકશનથી પીડિત છે. જેના ઈલાજ રૂપે માઈસ્ટોઈડિકટોમી નામની શસ્ત્રક્રિયાની જરૂરત હોવાનું ડોક્ટરોએ નિદાન કર્યું. જે માનવ કલ્યાણ કેન્દ્રમાં પ્લાન કરાઈ હતી. આ માટેનો અંદાજિત ખર્ચ રૂ.૩૩ હજાર હોસ્પિટલ દ્વારા અપાયો.

તેઓ તેમના પતિ અને બાળકો સાથે રહે છે. પતિ સર્વીસ કરી લઘુતમ વેતન રળી જીવન ગુજારો કરે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ વીમાનું પીઠબળ.

આકસ્મિક ખર્ચના બોજથી મૂંઝાયેલ પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે જરૂરતની રકમ મેળવવા અરજી રજૂ કરી. રજૂ કરાયેલ સર્વે ડોક્યુમેન્ટનો તલસ્પર્શી અભ્યાસ કરી કેસ નં.૧૪૭ માટે જરૂરી રકમ રૂ.૩૩ હજાર જમા કરવા આ કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો. નામ માત્ર સમયમાંજ જરૂરી ભંડોળ એકઠું થઈ જતા છેવટે આ કેસની અરજી ક્રાઉડ ફંડિગમાંથી પાછી લઈ લેવાઈ.

દર વખતની જેમ આ કેસમાં પણ ઉદાર દિલ દાતા શ્રેષ્ઠીઓ, મહાજનો, સંસ્થાઓ એ ઉદાર ભાવ સાથે મોકળા હાથે મદદ કરી માનવતાને દીપાવી જે માટે સૌ માનવતા પ્રેમીજનોની અઢળક અનુમોદના.

# સંજીવની કેસ નં.૧૪૮ માટે જરૂરી રકમ રૂા.૨.૮૬ લાખ જમા થતા કેસ બંધ કરાયો




૮૫ વર્ષીય જખૌ-ગદગના શ્રીમતી વિજયાબેન રતિલાલ ભગત-ધરમશીને હૃદય અને કિડનીની સમસ્યાને કારણે હોસ્પિટાઈલેઝ્ડ કરાયા. તબીબો દ્વારા સંપૂર્ણ હાર્ટ બ્લોક હોવાનું નિદાન થયું. જેમાં પેસમેકર સર્જીકલ રીતે રોપવામાં આવે છે.

શ્રીમતી વિજયાબેન ક.દ.ઓ.જૈન સ્કૂલ ગદગના નિવૃત્ત આચાર્યા છે. તેણીની પુત્રી જેઓ પણ ક.દ.ઓ.સ્કૂલ ગદગના નિવૃત્ત શિક્ષિકા છે. પરિવારના આવકના સ્રોતમાં એક પુત્ર છે જે મર્યાદિત વેતન સાથે ખાનગી કંપનીમાં સર્વીસ કરે છે. હોસ્પિટલનો અંદાજિત બીલ રૂા.૨.૮૬ લાખની ચૂકવણી કરી શકાય એ માટે જદોજદ કરી રહ્યાં છે, આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આજીવન શિક્ષણવિદ વિજયાબેન ક.દ.ઓ.બાળકોની માટે જે કર્યું છે, તેની કદર રૂપે આપણે સૌ તેમના મુશ્કેલીના સમયમાં ટેકો આપવો એ આપણી ફરજ બની રહે છે.

જણાવતા ખુશી થાય છે કે સંજીવની કેસ નં.૧૪૮ માટે જરૂરી રકમ રૂા.૨.૮૬ લાખ એકઠાં કરવા ક્રાઉડ ફંડિંગ માટે જાહેરમાં મૂકાતા જ એક અજ્ઞાત દાતાએ રૂા.૮૧ હજાર મદદ કરી તે સિવાય વિવિધ વ્યક્તિગત દાતાઓ, મહાજનો એકમ અને સંસ્થાઓએ પોતાની ફરજ સમજી આગળ આવ્યા અને ટૂંકાગાળામાં જોઈતી રકમની ભરપાઈ થઈ ગઈ જેને લીધે સદર અરજી કેસ નં.૧૪૮ ક્રાઉડ ફંડિંગમાંથી પાછો લઈ લેવાયો. દરેક કેસમાં જોવા મળતા માનવતા અને ઉદારતા દર્શન આ કેસમાં થયા સૌ દિલેરી દાતાઓને શત શત નમન સાથે અઢળક અનુમોદના, વંદના.

# શ્રી કેડીઓ સીએ એસોસિએશન દ્વારા CA, CS, CWA ના ઉત્તિર્ણ વિદ્યાર્થીઓના સત્કાર સન્માનનું આયોજન

શ્રી કેડીઓ સીએ એસોસિએશન દ્વારા CA, CS, CWA ડિગ્રી પરીક્ષામાં ઉત્તિર્ણ કેડીઓ વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો સમારોહ રવિવાર, તા.૪ ઓગસ્ટ બપોરે ૩ કલાકે કે.જે.સોમૈયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ચાણક્ય બિલ્ડિંગ, વિદ્યાવિહાર (પૂર્વ) સ્થળે આયોજિત કરાયો છે.

વર્ષ ૨૦૨૩ અને વર્ષ ૨૦૨૪માં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા ICAI, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા ICSI તથા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા ICMAI દ્વારા લેવામાં આવેલી ઈન્ટરમીડિયેટ અથવા ફાઈનલ કે સમકક્ષ પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરી છે. એવા જ્ઞાતિ વિદ્યાર્થીઓએ સાથે આપેલ ગુગલ ફોર્મ લિંક https://docs.google.com/forms/d/e/1FAIpQLSepOM94HM2CQfKjI1vnKPWBeMgTT5EZo5C59lSXaMhBtHkmuQ/viewform પર ફોર્મ ભરીને આવેદન ભરી સમારોહનો ભાગ બની શકે છે.

જ્ઞાતિજનોને વિનંતી છે કે તેઓની જાણમાં હોય એવા ઉપરોક્ત ડિગ્રીના સફળતમ વિદ્યાર્થીઓને આની જાણકારી આપી તેમને એસોસિએશન વતી આમંત્રિત કરી સહકાર આપી શકો છો.

# નલિયા સંઘમાં ૪૪ દિવસીય શ્રી ભક્તામર સ્તોત્ર સંપુટ અનુષ્ઠાનનો પ્રારંભ







અબડાસાની મોટી પંચતીર્થના નલિયા તીર્થ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. તથા આદિઠાણા ૩ના પુનીત સાંનિધ્યમાં ૪૪ દિવસીય શ્રી ભક્તામર સ્તોત્ર સંપુટ અનુષ્ઠાન શરૂ થયા. સંઘના શ્રાવક શ્રાવિકો ધર્મ ભાવ સાથે લાભ લીધો હતો.

# ક.દ.ઓ. પશ્ચિમ એકમ સંચાલિત અને કલ્પતરૂ પરિવાર પ્રોત્સાહિત કે.ડી.ઓ. ડેવલપમેન્ટ ઓસનનો પ્રારંભ






ક.દ.ઓ. પશ્ચિમ એકમ દ્વારા સંચાલિત અને કલ્પતરૂ પરિવાર દ્વારા પ્રોત્સાહિત કે.ડી.ઓ. ડેવલપમેન્ટ ઓસનની શુભ શરૂઆત શનિવાર, તા.૧૩ જૂન ૨૦૨૪ના વાપી ખાતે કલ્પતરૂ ફૂડ હબમાં ઝરમરતા વરસાદના વાતાવરણમાં લગભગ ૫૫ જેટલા ડેલીગેટ અને બીજા આમંત્રિત મહેમાનો સાથે ૭૦ જણા ગ્રુપમાં આ નવા કન્સેપ્ટનો લાભ લીધો.

વાપી કે.ડી.ઓ.મહાજન અને ક.દ.ઓ.પશ્ચિમ એકમ કારોબારીના સભ્ય બેલાબેન અને હીરલબેન એ નવકાર મહામંત્ર અને દીપ પ્રાગટ્યથી શુભ શરૂઆત કરી.

પ્રમુખ શ્રી કમલેશભાઈ દંડ એ પધારેલા મહેમાનો અને ડેલીગેટને આવકાર્યા અને પશ્ચિમ એકમના કરેલા પ્રોજેક્ટોની માહિતી આપી.






# ક.દ.ઓ. પશ્ચિમ એકમ સંચાલિત અને કલ્પતરૂ પરિવાર પ્રોત્સાહિત કે.ડી.ઓ. ડેવલપમેન્ટ ઓસનનો પ્રારંભ

પ્રોગ્રામના કન્વીનર અને પશ્ચિમ એકમના ઉપપ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ નાગડા એ કે.ડી.ઓ.બિઝનેશ ઓસનની મહત્વના અને શું કરવા મળ્યા છે તેની માહિતી આપી ત્યારબાદ આવેલા મહેમાનોનું સ્વાગત અને સન્માન કર્યું.

ચીફ ગેસ્ટ શ્રી ધીરેનભાઈ લોડાયા એ કે.ડી.ઓ.સમાજ માટે આવા નવીન પ્રોજેક્ટો કરવા હમેશા મદદરૂપ થશે અને પ્રોગ્રામની સફળતા મળે તેવી શુભકામના આપી. મેનટર અને મોટીવેશનલ સ્પીકર શ્રી આનંદભાઈ ભટનાકર એ બધા ડેલીગેટને મોટીવેટ કરી. ઉત્તમ ઉદાહરણો વડે શીખ આપી. તેઓ રીલાયન્સ ગ્રુપ સાથે ખુબ નજીકથી સંકળાયેલા હતા. તેમના ઉત્તમ ઉદાહરણ આપી સૌને મંત્રમુગ્ધ કરી દીધા. સુરુચિ ભોજન બાદ દરેક પાર્ટીસીપન્ટસએ એક મીનીટ તેમની ઓળખાણ આપી.










## ક.દ.ઓ. પશ્ચિમ એકમ સંચાલિત અને કલ્પતરૂ પરિવાર પ્રોત્સાહિત કે.ડી.ઓ. ડેવલપમેન્ટ ઓસનનો પ્રારંભ











પોતાના ધંધા સંબંધી ખુબ સરસ ઓળખાણ આપી.

બીજા સેશનમાં શ્રી આનંદભાઈ એ બ્રોન્ડીગ અને નેટવર્કીંગને આગળ વધાવી ખૂબ સરસ સમજણ આપી.

ટીકીટાર સેલ લીમીંટેડના પરચેસ એક્ઝિક્યુટિવ શ્રી જનકભાઈ મિસ્ત્રી એ બીઝનેશ અપર્ચુનીટીવ માટે નવી તકો આપી. કલ્પતરૂ ગ્રુપના વડા શ્રી ધીરેનભાઈ એ પોતાની સફળતા પાછળના રાજ બતાવ્યા.

IDI TRI TECHNA SOLUTIONS ના શ્રી મહેશ મોતા એ તેમની સફળતાની ચાવી બતાવી.

બેસ્ટ પાર્ટીસીપન્ટ અને બેસ્ટ ઈન્ટ્રોડક્શનના એવોર્ડ અપાયા.

શ્રી ચંદ્રેશભાઈ એ આભાર વિધિ કરી. અને હવે પછી આ પ્રોજેક્ટને KBN ખાલી જગ્યામાં સ્પોન્સરનું નામ આવશે. સમાજ તરફથી મળેલા સારા પ્રતિસાદની શુભ શરૂઆત થઈ ફરી જલ્દી મળશું.

## કંડલા એરપોર્ટ સલાહકાર સમિતિના સભ્ય તરીકે સંદીપકુમાર શાહની વરણી થઈ



કચ્છના કંડલા એરપોર્ટ એડવાઈઝરી કમિટીના સભ્ય તરીકે આગામી બે વર્ષની મુદત માટે આદિપુરના સંદીપકુમાર કિશોરભાઈ શાહની નિયુક્તિ જિલ્લા સાંસદ વિનોદભાઈ એલ.ચાવડાની ભલામણથી કરાઈ છે. કંડલા AAC એરપોર્ટ એડવાઈઝરી કમિટીના સક્રિય સભ્ય તરીકે તેઓ વિમાનતળની વિવિધ સમસ્યાઓ, વિકાસકાર્યો, સુધારા-વધારાના સૂચનો પ્રજાના મંતવ્યો પ્રમાણે ઓથોરીટી પાસે કાર્યક્ષમ રીતે રજૂ કરશે એવી આશા રાખી. આ પદ નિયુક્તિને વધાવી સંદીપકુમાર શાહને હાર્દિક અભિનંદન આપીએ છીએ.

## જીવન સંધ્યા સુખાલયમાં શબ્દ સંગીતના તાનમાં વડીલો ઉંમર ભૂલી ગયા



શ્રીમતી મણિબાઈ કાંતિલાલ શાહ મૈશેરી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગદગના એસ.આર.ડી. જીવન સંધ્યા સુખાલયના નિવાસી વડીલજનોને માટે રસના વિષયો પર નવી શરૂ થયેલી પ્રવચન શ્રેણીમાં રમેશભાઈ જયચંદ નાગડા કોપ્પલએ ક્ષમાપન પર હીંદી ભાષામાં છટાદાર વક્તવ્ય આપ્યું હતું. ૩૨ જેટલા વડીલો પ્રેક્ષકોએ રસપ્રદ રીતે પ્રવચનનું શ્રવણ કર્યું હતું.

રાત્રિ ભોજનમાં ગરમાગરમ સ્વાદિષ્ટ શીરો, ઢોસા અને ચટણીની લહેજતથી મોજ માણી હતી. રમેશભાઈ નાગડા અને સહયોગી થનાર ગદગના જ્ઞાતિજનોનો સંસ્થા દ્વારા આભાર મનાયો હતો.

## તિરૂપુરમાં સંઘમાં પ.પૂ.મહારાજ સાહેબને સૂત્ર-ગ્રંથ અર્પણ કાર્યક્રમ થયો



તા.૨૦ જુલાઈ શનિવારના તિરૂપુર સંઘમાં ચાતુર્માસાર્થે પધારેલ ડૉ.પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કરશ્રીજી મ.સા.ને સૂત્ર-ગ્રંથ અર્પણનો કાર્યક્રમ થયો.

સૂત્ર વહોરવાના લાભાર્થી શ્રી સુવિધિનાથ જૈન દેરાસર તિરૂપુરના મેનેજીંગ ટ્રસ્ટી દીપક ખીમજી છેડા પરિવાર કુંદરોડી તિરૂપુર હતા.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**


**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી કેડીઓ મહાજન અમદાવાદ દ્વારા શ્રી પરમાત્મા ભક્તિ કાર્યક્રમનું આયોજન થયું











તા.૭ જુલાઈ રવિવાર કચ્છી નવા વર્ષ અષાઢી બીજ દિને શ્રી કેડીઓ મહાજન અમદાવાદ દ્વારા શ્રી નવયુગ યુથ ફોરમ સંચાલિત શ્રી પરમાત્મા ભક્તિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. લાભાર્થી શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના પરિવાર રહ્યાં હતાં. શ્રી તપસ્વી રત્નોનું બહુમાનના લાભાર્થી શ્રીમતી ગુણવંતીબેન ગુલાબભાઈ દંડ પરિવાર, શ્રી સરસ્વતી સન્માન પુરસ્કારના લાભાર્થી માસ્ટર રિહદય ઋષભ દંડ પરિવાર અને માતૃપિતૃ વંદનાના લાભાર્થી માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી પરિવાર હતા. કાર્યક્રમ અંતે કચ્છી મટુકડીની મોજ સર્વે જ્ઞાતિજનોએ માણી હતી. શ્રી કેડીઓ પશ્ચિમ એકમના પ્રમુખ કમલેશભાઈ દંડની ઉપસ્થિતિ નોંધનીય રહેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નવયુગ યુથના નવયુવાનો દ્વારા કરવામાં આવેલ. શ્રી કેડીઓ મહાજન અમદાવાદ દ્વારા સર્વે નવયુવાનોની કાર્યશૈલીને મોકળે મને બિરદાવેલ હતી. ઉપસ્થિત સૌએ આ વિવિધ તરેહના શ્રી પરમાત્મા ભક્તિ કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો.



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા : ૧૨૨ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થી : શ્રી વરાડીયા વહુ-રાણી ગ્રુપ |
| તા. ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક દ ઓ જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ ક. થી: એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન. વારાપધર સ્થાને. |
| તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ | છેડા ગોત્રના કુલદેવી અંબે માતાની સારસ્વતવાડી, મુલુંડ મધે સમૂહ પહેડી |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ |


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરુવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

સૌજન્ય : ગ.સ્વ. કલ્પના તરૂણ ધરમશી (સુથરી-કચ્છ)

# અનંત લેબ મુલુંડની સાતમી વર્ષગાંઠ નિમિત્તે એક સપ્તાહનો વિવિધ તપાસણી કેમ્પનું આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા શેઠ શ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટના સહયોગથી અનંત લેબ મુલુંડની ૭મી વર્ષગાંઠ કેડીઓ જ્ઞાતિજનો માટે ખૂબ નજીવા દરે વિવિધ તપાસણી ઓની કેમ્પનું આયોજન તા.૧૬ જુલાઈ મંગળવારથી તા.૨૩ જુલાઈ મંગળવાર સુધી ૫, લાધાની હાઉસ, વાલજી લધા રોડ, હીરા મોંઘી હૉસ્પિટલની સામે, મુલુંડ વેસ્ટ મધે કરાયું છે. સમય સવારે ૯ થી ૧. રજિસ્ટ્રેશન કરાવું જરૂરી સંપર્ક નંબર ૮૮૭૯૯૯૦૯૮૭. વહેલો તે પહેલો માત્ર ૧૦૦ જણ માટે જ. CBC, BSF, GLYCO HB (HBA1C) માત્ર રૂા.૧૦૦ CBC, LIPID PROFILE ટેસ્ટ માત્ર રૂા.૧૦૦ તેમજ CBC, CREATININE, SGPT ટેસ્ટ માત્ર રૂા.૫૦માં કરાશે.

ઉપરોક્ત કેમ્પ દરમ્યાન છાતીના સ્પેશિયાલિસ્ટ ડૉ.સપના ચવાણ તમામ તપાસણીના રિપોર્ટ તપાસી સલાહ અને બીપી મોનિટરીંગ તથા વિવિધ મહત્વ પૂર્ણ સલાહ ફક્ત રૂા.૨૦૦માં પ્રારીઓર એપોઈમેન્ટ સાથે આપશે. દાંતના ડૉ.ઉર્વિ શાહ ડેન્ટલ ચેકપ અને એક્ષરે રૂા.૧૯૯માં ટૂથબ્રશ નિઃશુલ્ક સાથે ડેન્ટલ ચેકઅપ અને ૧ રાઉન્ડ ૧૫ મિનિટનું સ્કેલિંગ ટુથબ્રથ ફ્રી માત્ર રૂા.૫૯૯માં તથા ડેન્ટલ ઈમ્પ્લાન્ટ કેવળ રૂા.૧૭૫૦૦માં (શર્તો લાગુ) સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ અને સાંજના ૫.૩૦ અને ૮.૩૦ સમયે ૧, પ્રભાત બિલ્ડીંગ, હીરા મોંઘી હૉસ્પિટલની બાજુમાં, વાલજી લધા રોડ સ્થળે સેવા આપશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સોનબાઈ લાપસીયા**
તા.૧૪ જુલાઈ (ઉ.૯૫)
દલતુંગી-મુલુંડ



**પુષ્પાબેન ખોના**
તા.૧૫ જુલાઈ (ઉ.૭૫)
ગોરખડી-ઠાકુલી/વડાલા




**પ્રવિણભાઈ ધુલ્લા**
તા.૧૫ જુલાઈ (ઉ.૭૦)
સાંધાણ-અમરાવતી



**લીલમબેન ખોના**
તા.૧૫ જુલાઈ (ઉ.૬૬)
જસાપર-ડોંબિવલી



**ધનપતિભાઈ ખોના**
તા.૧૫ જુલાઈ (ઉ.૭૪)
જખૌ-વડોદરા



**નવીનભાઈ લોડાયા**
તા.૧૬ જુલાઈ (ઉ.૮૧)
સાંયરા-માટુંગા



**અરૂણાબેન મોતા**
તા.૧૭ જુલાઈ (ઉ.૬૧)
ધ્રુફી-અંધેરી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● ગાંધીનગર ખાતે યોજાયેલા અતુલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ ૨૦૨૪માં કલા અને સાહિત્ય થકી સંસ્કૃતિનું સંવર્ધન કરી રહેલાં કચ્છ અંજારના કલાકારો ડૉ.કૃપેશ ઠક્કર અને તેમના સંતાનો વાચા ઠક્કર, પર્વ ઠક્કરને રાજ્યકક્ષાના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંગીતકાર અને ગાયક તરીકે ગુજરાતી ફિલ્મોમાં તથા સંગીત જગતમાં નામના મેળવી છે. તો બાળ કલાકારો વાચા અને પર્વએ ગાયન અને અભિનય ક્ષેત્રે ઉમદા સોપાન સર કર્યા છે. એક જ પરિવારના ત્રણ કલાકારોએ સંસ્કૃતિ પર આધારિત પુસ્તકો પ્રકાશિત કર્યા છે. તેમને અગાઉ પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પુરસ્કારથી બિરદાવ્યા છે.

● અબડાસાના ઐતિહાસિક તેરા ગામ ઝબલાં મુક્ત બને તે માટે નવતર પહેલ કરવામાં આવી છે. ઉપયોગ બાદ ખૂલ્લામાં ફેંકી દેવાતાં પ્લાસ્ટિકના ઝબલાં પશુઓ ખાય છે અને નુકસાન વેઠે છે. આવું થતું અટકે એ માટે મુંબઈના સાકર અને કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ જૂથ સોમૈયા ગ્રુપ દ્વારા ક.દ.ઓ.જૈન મહાજન સંચાલિત પાંજરાપોળ ખાતે પ્લાસ્ટિક ગારબેજ પ્રોસેસિંગ પ્લાન્ટ-પ્લાસ્ટિકને વેસ્ટમાંથી બેસ્ટ કરવાનું મશીન ટ્રસ્ટી સમીર શાંતિલાલ સોમૈયા અને મિતેશ સચદેના માર્ગદર્શન હેઠળ રાખવામાં આવ્યું છે.

● રમતગમત એ બાળકોનો મૌલિક અધિકાર છે. તેથી મેદાન વિનાની શાળાઓને તાળાં લગાવી દેવા જોઈએ. તેવી કેરળની હાઈકોર્ટની ટિપ્પણી કરી છે. તો દેશના વડાપ્રધાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ખેલને મહત્વ આપવા પર ભાર મૂક્યો છે. આરટીઆઈ હેઠળ પ્રાપ્ત વિગત મુજબ શહેરી વિસ્તારની શાળામાં ૮૦૦ અને ગ્રામ્ય ક્ષેત્રની શાળાઓમાં ૧૨૦૦ ચોરસ મીટર રમતગમતનું મેદાન હોવું જરૂરી છે તે સિવાય શાળાને મંજૂરી મળે જ નહીં. પરંતુ કચ્છમાં શિક્ષા વિભાગ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ખુદ સરકારી પ્રાથમિકથી માંડીને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકની ૫૨૯ શાળા મેદાન વિહોણી છે તો ૩૦ જેટલી ખાનગી શાળા મેદાન વિહોણી છે.

● કલાના પ્રદેશ કહેવાતા કચ્છમાં કોઈ કલાના નામ પર આખે આખું ગામ વસે એ કંઈ નાનીસૂની વાત નથી. અનોખી કલા અજરખના કસબના નામે ધરતીકંપ પછી ધમડકા નજીક વસેલા ગામનું નામ અજરખપુર પડ્યું. દેશ દુનિયામાં આદર મેળવનાર કચ્છી અજરખને જ્યોગ્રાફિકલ ઈન્ડિકેશન જીઆઈ ટેગ એટલે કે ભૌગોલિક સ્થાનકની માન્યતા મળી છે. પાંચ હજાર વર્ષ જૂની અજરખ કળાને પેઢીઓથી આંગળીઓના ટેરવે ટકાવી બેઠેલા કસબીઓને આનો અપાર હર્ષ થયો છે. આ પહેલા કચ્છી ભરતકામ, કચ્છી બાંધણી, કચ્છી શાલ અને કચ્છી સૂફ ભરતકામને જી આઈ ટેગ મળેલ છે. જેમાં કચ્છી અજરખનો ઉમેરો થયો છે.

● અસહ્ય તાપ અને ગરમી ઉકળાટમાં બહારથી આવનાર માણસને માટલાનું ઠંડુ પાણી મળી જાય ત્યારે જ સંતોષ અને સુખી હોવાનો આનંદ મળે છે. આ માટલા પાછળ તેને ઘડનાર પ્રજાપતિ પરિવારોની કારમી મહેનત છૂપાયેલી છે. અંજાર તાલુકાનું તુણા ગામ ૭ થી ૮ પેઢીઓથી દેશી માટલા બનાવવા માટેનું મુખ્ય મથક છે. અહીં દર વર્ષે હજારોની સંખ્યામાં માટલાનું ઉત્પાદન થાય છે. ૩૦૦ થી ૪૦૦ વર્ષ અગાઉથી ૭ થી ૮ પેઢી આ વ્યવસાય કરી રહી છે. જે તે વખતે કચ્છના મહારાવરોએ આ પરિવારોને અહીં મોકલ્યા હતા. માટલા ઉપરાંત ગરબા, તાવડી, ડોડિયા, દીવા, લગ્નની ચોરી, રમકડાં જેવા ૩૬ ઠામ માટીના બનતા હતા. જે ઘોડા ગાડી કે બળદ ગાડાથી અંજાર, ગાંધીધામ, આદીપુર, ભુજ, કંડલા વગેરે ગામો વેચવા જતા હતા. આજે માટી સાથે જોડાયેલા આ માનવીઓને પોતાનું પેટ પાળવા માટી જ ઉપલબ્ધ ન થતી હોવાથી સદીઓ જૂના માટલાં ઉદ્યોગ પર ગંભીર જોખમ ખડું થયું છે.




**insurancekhoj.com™**

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA